લંડનની આગ

માર્ગરેટ નેશ



લંડનની આગ

માર્ગરેટ નેશ





દિવસભર કામ કરીને ટોબી સૂઈ રહ્યો હતો.

એ એના માલિકની દુકાનની ઉપર રહેતો હતો.

"ટોબી, ઉઠ!" એના માલિકે બૂમ પાડી.

"મૂર્ખ છોકરા! તેં મિસ્ટર પેપીસની નોટ-બુક અહીં છોડી દીધી છે. એને હમણાં લઈ જા, આ એની ડાયરી માટે છે."



"અરે નહીં!" ટોબીએ ગભરાઈને કહ્યું.

એ કૂદીને પથારીમાંથી બહાર આવ્યો, એણે નોટ-બુક પકડી અને દોડીને ગલીમાં ગયો.





રાત ગરમ હતી, પણ જોરદાર પવન
ફૂંકાતો હતો. ગલીમાં ઘણા લોકો હતા.
થોડા ભાગી રહ્યા હતા.

ટોબીએ ઉપર જોયું.
ધુમાડાના વાદળાં હતા અને આકાશ
લાલ હતું. શું થયું હતું?

ટોબી દોડીને ગલીના નાકે ગયો.


"આગ! આગ!" એક વૃદ્ધ મહિલાએ બૂમ પાડી.

વૃદ્ધાએ હજી એનો રાત્રી પોશાક પહેર્યો હતો.

"લંડન સળગી રહ્યું છે!" એક છોકરાએ બૂમ પાડી.

"અને નદી નાવોથી ભરાઈ ગઈ છે."

ટોબીએ આગની જ્વાળાઓ જોઈ. એ ભાગતો રહ્યો.





ગલીઓ છકડા અને ગાડીઓથી ભરેલી હતી

અને બધી બાજુ ધુમાડો હતો.

ટોબી ભીડ વચ્ચેથી નીકળતો રહ્યો.

એને મિસ્ટર પેપીસને શોધવા જ હતા.



આખરે એણે મિસ્ટર પેપીસનું ઘર શોધી લીધું.

એણે દરવાજો ખટખટાવ્યો.

પણ કોઈ બહાર ન આવ્યું.

"શું કોઈ ઘરે છે?" ટોબીએ બૂમ પાડી.

કોઈએ ઉત્તર ન આપ્યો. એ દીવાલ પર ચઢી ગયો. ઉપર ચઢતા-ચઢતા એ છત પર આવી ગયો.



ત્યાં એણે એક ભયાનક દૃશ્ય જોયું. આગની લપેટો લંડનમાં બધી બાજુ ફેલાઈ રહી હતી.



ટોબી ફર્યો અને એણે જોયું કે મિસ્ટર પેપીસ એક ખાડામાં બાટલીઓ મૂકી રહ્યા હતા. ટોબીને બહુ આશ્ચર્ય થયું, એ લથડયો, અને એને દીવાલથી નીચે કૂદવું પડયું.



એ ખાડા પાસે પડયો પણ નોટ-બુક ખાડામાં પડી ગઈ.





"અરે નહીં!" ટોબીએ ચીસ પાડી.

"હે! આ ખાડો મારા વાઈન અને પનીર માટે છે," મિસ્ટર પેપીસે કહ્યું. "એને આગથી બચાવવા માટે છે.

અને હું નથી ચાહતો કે મારી ડાયરીમાંથી પનીરની વાસ આવે!" એણે ઉમેર્યું. "ઉફ્ફ! આ પનીરની ગંધ તો બહુ ખરાબ છે," ટોબીએ કહ્યું.

ટોબી ખાડામાં કૂદી પડયો અને મિસ્ટર પેપીસની નોટ-બુક બહાર કાઢી લાવ્યો.



"છોકરા, જો, આ આગ તો બહુ ભયાનક લાગે છે!" મિસ્ટર પેપીસે કહ્યું. "આપણે એને ફેલાતી રોકવામાં સહાયતા કરવી જોઈએ. મારી સાથે આવ!" એ બહાર દોડયા.






ધુમાડા અને શોરબકોરથી ભરાયેલી ગલીઓમાં હવે ઘણી હલચલ હતી. એક ગાય પર બાળકો સવાર હતા, એ એની બગલમાંથી નીકળી ગયા.



બેંબેં કરતી બકરીઓને ધકેલતા એ આગળ વધ્યા.

એ ત્યાં સુધી રોકાયા નહીં જ્યાં સુધી એ સેન્ટ પોલ ન પહોંચ્યા. ત્યાં લોકો પુસ્તકોને સુરક્ષિત જગ્યાએ લઈ જઈ રહ્યા હતા.

દૂરથી આવતા ધડાકાના અવાજ ટોબી સાંભળી શકતો હતો. આગને રોકવા માટે ઘરોને દારૂગોળાથી ધ્વસ્ત કરવામાં આવી રહ્યા હતા.






મેશથી ઢંકાયેલો એક માણસ આવ્યો અને એના મેશવાળા ઘોડા પરથી નીચે ઉતર્યો.

"આ અજનબી કોણ છે?" ટોબીએ પૂછ્યું. "શું તું જાણતો નથી?" મિસ્ટર પેપીસે પૂછ્યું. "એ ઇંગ્લેન્ડનો રાજા ચાર્લ્સ II છે!"

"આ બાલદી લો!" રાજાએ કહ્યું.
"આ ભયંકર આગને બુઝાવવામાં
મારી મદદ કરો."



રાજા અને મિસ્ટર પેપીસ અને અન્ય લોકો
સાથે ટોબીએ પણ આગ બુઝાવવાનો
પ્રયત્ન કર્યો. એ દિવસ-રાત ત્યાં સુધી કામ
કરતા રહ્યા જ્યાં સુધી આગ બુઝાઈ ન ગઈ.





ત્રણ દિવસ પછી ટોબી દુકાને પાછો ફર્યો. એનો માલિક એને જોઈને આશ્ચર્યચકિત થઈ ગયો. "ઈશ્વરની કૃપા છે કે તું પાછો આવ્યો. મને લાગ્યું કે આગમાં તું ભસ્મ થઈ ગયો છે."

"નહીં, સર. હું તો રાજા અને મિસ્ટર પેપીસની સહાયતા કરી રહ્યો હતો!" ટોબીએ કહ્યું. "પણ હવે મારે આરામ કરવો છે." "અને સ્નાન પણ કરવાનું છે!" માલિકે કહ્યું.

સમાપ્ત